**1. યામ સમતલમાં કોઈ પણ બિંદુ દર્શાવવા સમક્ષિતિજ અને શિરોલંબ રેખાઓના નામ શું છે ?**


➤ સમતલમાં સમક્ષિતિજ (આડી) રેખાને $x$-અક્ષ અને શિરોલંબ (ઊભી) રેખાને $y$-અક્ષ તરીકે ઓળખવામાં આવે છે.

**2. આ બે રેખાઓથી બનતા સમતલના દરેક ભાગનું નામ શું છે ?**


➤ આ રેખાઓથી બનતા સમતલના દરેક ભાગને ચરણ અથવા પાદ કહેવામાં આવે છે.

**3. આ બે રેખાઓ જ્યાં છેદે તે બિંદુનું નામ લખો.**

➤ સમતલમાં સમક્ષિતિજ (આડી) અને શિરોલંબ (ઊભી) એવી બે પરસ્પર લંબરેખાઓ જ્યાં છેદે તે બિંદુને (છેદન બિંદુને) ઊગમબિંદુ (origin) કહેવામાં આવે છે. તેને O(0, 0) વડે દર્શાવાય છે.




**4. આકૃતિ જુઓ અને માગ્યા પ્રમાણે જવાબ લખો :**




(i) બિંદુ B ના યામ જણાવો.

(ii) બિંદુ C ના યામ જણાવો.

(iii) (–3, –5) દ્વારા દર્શાવાતું બિંદુ લખો.

(iv) (2, –4) દ્વારા દર્શાવાતું બિંદુ લખો.

(v) બિંદુ D નો $x$-યામ જણાવો.

(vi) બિંદુ H નો $y$-યામ જણાવો.

(vii) બિંદુ L ના યામ જણાવો.

(viii) બિંદુ M ના યામ જણાવો.

➤ **(i) બિંદુ B ના યામ જણાવો :** B(–5, 2)

**(ii) બિંદુ C ના યામ જણાવો :** C(5, –5)

**(iii) (–3, –5) દ્વારા દર્શાવાતું બિંદુ લખો :** (–3, –5) દ્વારા દર્શાવાતું બિંદુ E છે.

**(iv) (2, –4) દ્વારા દર્શાવાતું બિંદુ લખો :** (2, –4) દ્વારા દર્શાવાતું બિંદુ G છે.

**(v) બિંદુ D નો $x$-યામ જણાવો :** બિંદુ D નો $x$-યામ 6 છે.

**(vi) બિંદુ H નો $y$-યામ જણાવો :** બિંદુ H નો $y$-યામ –3 છે.

**(vii) બિંદુ L ના યામ જણાવો :** બિંદુ L ના યામ (0, 5) છે.

**(viii) બિંદુ M ના યામ જણાવો :** બિંદુ M ના યામ (–3, 0) છે.